# પાલનપુરના અધ્યાપકનું ઈપોક્સિ રેઝીન્સ પુસ્તક વિશ્વની છ ભાષામાં પ્રકાશિત



**પાલનપુર ।** પદાર્થોના રસાયણશાસ્ત્ર, તેમના વિવિધ ઉપયોગો અને વિશ્વમાં આ પદાર્થો પર થઈ રહેલાં સંશોધનોની છણાવટ કરતું એક આંતરરાષ્ટ્રીય પુસ્તક 'ઈપોક્સિ રેઝીન્સ' અંગ્રેજીમાં તાજેતરમાં જ પ્રગટ થયું છે. તેના લેખક પાલનપુરના રહેવાસી અને રસાયણવિજ્ઞાનના અધ્યાપક કિરણ વી.મહેતા. આ પ્રકારના વિષયો પરનું કિરણભાઈનું આ આઠમું પુસ્તક છે. વિદેશી આંતરરાષ્ટ્રીય પ્રકાશક (ડોડો બૂક્સ ઈન્ડિયન ઓસન લિમિટેડ અને ઓમ્ની સ્ક્રિપ્ટમ પબ્લીશીંગ ગ્રુપ) દ્વારા અંગ્રેજીમાં પ્રકાશિત આ પુસ્તક અન્ય ભાષાઓ ઈટાલિયન, ફ્રેન્ચ, સ્પેનિશ, પોર્ટુગીઝ અને જર્મન ભાષાઓમાં પણ અનુવાદ સ્વરૂપે પ્રકાશિત થયું છે.